જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩, ફેક્સ: ૦૭૯-૨૩૨ ૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

નં. એસએસએ/કોમ્યુ. મોબી./૨૦૨૧/ ૧૯૭૨૭ - ૨૦૫૫૫ તા.૨૧/૬/૨૦૨૧

પ્રતિ

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લાઃતમામ.

૨. જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા, જિ:તમામ.

૩. શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
મહાનગરપાલિકાઃ એ.એમ.સી.,આર.એમ.સી.,એસ.એમ.સી.,વી.એમ.સી.

**વિષય : શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃરચના કરવા બાબત.**
**સંદર્ભ : માન.એસપીડીશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.**

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે રાજયની તમામ રાઈટ ટુ એજ્યુકેશન એકટના સેકશન-૨૧ મુજબ રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) તથા માધ્યમિક શાળાઓમાં શાળા સંચાલન અને વિકાસ સમિતિ (SMDC) ૨૦૧૦-૧૧ થી રચના કરવામાં આવેલી છે.આર.ટી.ઈ.રુલ્સ ૧૬ (૧) માં જણાવ્યા અનુસાર SMC ની દર બે વર્ષે પુનઃરચના કરવાની થાય છે તે પ્રમાણે શાળા વ્યવસ્થાપન સમિતીની પુનઃરચના વર્ષ ૨૦૧૮-૧૯ માં કરવામાં આવેલ હતી ત્યારબાદ જુન-૨૦૨૦-૨૧ માં કોરોના મહામારીના કારણે શૈક્ષણિક સત્ર online માધ્યમથી જ શરૂ કરી શકયા હતા.આથી શાળાઓમાં SMC ની પુનઃરચના કરવામાં આવેલ નથી.

સમગ્ર રાજયમાં એકસૂત્રતા જળવાય તે રીતે વર્ષ-૨૦૨૧-૨૨ માં (વર્ષ-૨૦૨૨, ૨૦૨૩ માટે) પુનઃરચના કરવાની થાય છે જે અંગે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લઈ SMC ની પુનઃરચના કરવાની રહેશે.

- SMC માં ૭૫ ટકા (૯ સભ્યો) શાળામાં અભ્યાસ કરતાં બાળકોના માતા-પિતા કે વાલીઓમાં જે વાલી એક વખતના કાર્યકાળમાં સભ્ય બની ચુકયા છે તે વાલી પુનઃ રચનામાં પુનઃ નિયુકિત ન મેળવી શકે તેવું આયોજન કરવાનું રહેશે.
- SMC માં એક સભ્ય સ્થાનિક શિક્ષણવિદમાં નિવૃત આચાર્ય અથવા જે ગામના વતની હોય તેવા સરકારી અધિકારી કે જેઓ નિવૃત હોય અથવા તેઓની સર્વિસ ચાલુ હોય તેઓને શિક્ષણવિદ્ તરીકે લેવા સંબધિતોને જણાવવાનું રહેશે.

Scanned by CamScanner

- શાળામાં વાલીસભા/ગ્રામસભા યોજી આચાર્યશ્રી દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિ SMC ની પુનઃ રચના માટે વાલી મીટીંગનું આયોજન કરવું અને વાલી મીટીંગ માટે અઠવાડિયા અગાઉ વાલીઓને જાહેર સ્થળો પર જાહેરાત કરી જાણ કરવાની રહેશે તેમજ પુનઃ રચનાની કામગીરી માટે મળેલ વાલી મીટીંગની કાર્યવાહી નોંધ તૈયાર કરવાની રહેશે.
- ઉપરોક્ત તમામ બાબતોમાં કોવીડ-૧૯ ની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જિલ્લાની તમામ શાળાઓમાં પુનઃરચના થઇ ગયા બાદ સીઆરસી કો. ઓ. તેના હસ્તકની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ SMC ની નિયમોનુસાર પુનઃ રચના થયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર બીઆરસી કો. ઓ. ને આપે બીઆરસી કો. ઓ. તેના તાલુકાની તમામ શાળાઓની પુનઃ રચના થયેલ છે તેવું પ્રમાણપત્ર જિલ્લા પ્રોજેકટ કો. ઓ. ને આપે ત્યારબાદ જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમના જિલ્લાની તમામ શાળાઓમાં પુનઃરચના થયેલ છે તેવું પ્રમાણપત્ર સ્ટેટ પ્રોજેકટ કચેરીને મોકલી આપવાનું રહેશે.

એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર

**સવિનય નકલ રવાના :**

- માન. સચિવશ્રી, (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રા. શિ., ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા : તમામ
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., સેકટર-૧૨, ગાંધીનગર
- પી. એ. ટુ માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા : તમામ
- તમામ અધિકારીશ્રી/ઓ.આઇ.સી., સદર કચેરી

**નકલ રવાના જાણ તથા કાર્યવાહી અર્થે :**

- મદદનીશ જિલ્લા કો. ઓર્ડિનેટર – ગર્લ્સ એજયુકેશન, જિલ્લા અને કોર્પોરેશન તમામ

ક્રમાંક/જિ.નં.શ./અ/પ્રા/પ-૨/૪૭૫૭૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૮-૬-૨૦૨૨

સ. નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર, જિલ્લો. બનાસકાંઠા.

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/ગ્રાન્ટેડ A, મોડલ મા. & ઉ.મા. શાળાઓ તમામ
જિ. બનાસકાંઠા,

Scanned by CamScanner